# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-11-2024** **Midday : 2.30 to 2.35**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Man ki bat

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં રાજકીય પૃષ્ઠભૂમિ વિનાના પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા હાકલ કરી છે. આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમની 116મી આવૃત્તિમાં રાષ્ટ્રને સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે આગામી થોડા મહિનામાં આવા એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડવા માટે દેશમાં અનેક વિશેષ અભિયાનો ચલાવવામાં આવશે. શ્રી મોદીએ આવતા વર્ષે સ્વામી વિવેકાનંદની 162મી જન્મજયંતિ પર દિલ્હીમાં 'વિકસિત ભારત યુવા નેતૃત્વ સંવાદ' યોજવાની જાહેરાત કરી હતી.એક પેડ મા કે નામ અભિયાન માત્ર પાંચ મહિનામાં 100 કરોડ વૃક્ષો વાવવાનું મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કરવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. નેશનલ કેડેટ કોર્પ્સ-NCC દિવસ અંગે વાત કરતાં શ્રી મોદીએ એનસીસી કેડેટ તરીકેના તેમના દિવસોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે કહ્યું કે NCC યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે.

**(NCC pm BYTE (MANN KI BAAT)**

શ્રી મોદીએ એવા યુવાનો વિશે વાત કરી જેઓ વૃદ્ધોને ડિજિટલ ધરપકડના જોખમમાંથી બચાવવા માટે આગળ આવ્યા છે.તેમણે અમદાવાદના એક યુવાન દ્વારા આ અંગે કરાયેલા પ્રયાસોની પ્રસંશા કરી હતી

**(DIGITAL ARREST (MANN KI BAAT)**

# KUTCH DRUGS SEIZE

ગુજરાત પોલીસને નશાકારક પદાર્થો ઝડપવામાં વધુ એક સફળતા મળી છે.. પૂર્વ કચ્છ પોલીસે 17 લાખ 75 હજાર નું કોકેઇન ઝડપી પાડ્યું છે.. મોટાપાયે ડ્રગ્સની હેરાફેરી કરનારા બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે..પોલીસ દ્વારા ડ્રગ્સ સાથે ઝડપાયેલા બંને આરોપીઓની પૂછપરછ કરાઇ રહી છે. આ નશાકારક

પદાર્થ ક્યાંથી આવ્યો અને કોને ડિલિવરી કરવામાં આવનાર હતી તે અંગેની પૂછપરછ પોલીસ કરી રહી છે.

## NAROL FIRE

અમદાવાદમાં નારોલ સ્થિત એક ફેબ્રિક્સની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. સવારે  લાગેલી આગને કારણે દહેશત ફેલાઇ ગઇ હતી.. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ.. આગની જાણ થતાં જ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે ધસી ગયું હતું.. જોકે આગ વધુ પ્રસરતી જતી હોવાના કારણે 75 ફાયર બ્રિગેડના જવાનો સાથે 20 જેટલા ફાયર ફાયટરે 3 કલાકની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. આ ઘટનામાં જાનહાનિના કોઇ સમાચાર નથી. પરંતુ આગને કારણે લાખો રૂપિયાનું નુકસાન થયું છે.

## DANG MAHILA SEMINAR

25 નવેમ્બર થી 10 ડિસેમ્બર સુધી ડાંગ જિલ્લાના આહવા ખાતે મહિલાઓ વિરુધ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત 16 દિવસ સુધી જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે.

મહિલા અને બાળ  વિકાસ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં  મહિલા અને બાળકો પર થતાં  અત્યાચારો અટકાવવા સરકાર દ્વારા ક્યા ક્યાં કાયદાઓ અમલમાં મુકાયા છે જે અંગેની વિસ્તુત સમજણ આપવામાં આવશે. જેમાં મહિલા  હેલ્પલાઇન 112, ચાઈલ્ડ હેલ્પલાઇન  1098, ગુડ ટચ બેડ ટચ વર્કશોપ જેવી બાબતો અંગે સમજ આપવામાં આવશે.

આ ઉપરાંત કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ, ઘરેલુ હિંસા વિરુદ્ધ અધિનિયમ-2013, POCSO એકટ 2012, બાળ લગ્ન પ્રતિબંધિત અધિનિયમ 2006, સહિતના અનેક કાયદાઓની માહિતી આ 16 દિવસના સેમિનારમાં

નિષ્ણાતો દ્વારા અપાશે. જેથી મહિલા અને બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય, તેમ ડાંગ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગે એક યાદીમાં જણાવ્યું છે.

## Mahesana i khedut

બાગાયત વિભાગની બાગાયતી પાક રક્ષણ માટેની સહાયલક્ષી યોજના હેઠળ નોંધણી માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું છે.આ માટે ખેડૂતો 20 મી ડિસેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. અમારા મહેસાણા જિલ્લા પ્રતિનિધિ જણાવે છે કે ખેડૂતોએ બાગાયતી પાકોની ઇ રેડિએશન પ્રક્રિયાની સહાય માટે ઓનલાઈન અરજી કર્યા બાદ અરજી દસ્તાવેજો બીડાણ કરી નિયત સમયમાં નાયબ બાગાયતી નિયામકશ્રીની કચેરી મહેસાણા ખાતે રજૂ કરવાની રહેશે.

## ARVALLI FARMERS DAP FERTILIZER

અરવલ્લી જીલ્લામાં ઘઉં, મકાઈ, ચણા અને બટાકા જેવા અન્ય શિયાળુ વાવેતર માટે ખરીદ વેચાણ સંઘ અને મંડળીઓમાં ડી.એ.પી ખાતર સરકાર દ્વારા સહાયના ધોરણે આપવામાં આવે છે. જો કે હાલમાં ખાતરની ભારે અછત હોવાથી ખેતરો હાલ ખેડ કરીને તૈયાર પડી રહ્યા છે.

ધારાસભ્યએ કૃષિ મંત્રી રાઘવજી પટેલને અરવલ્લી જીલ્લાના તમામ ખેડૂતોને તાત્કાલિક ધોરણે મળી રહે તેવી વ્યવસ્થા કરવા પત્ર લખ્યો છે.

## JANGAL SAFARI

પોરબંદર ખાતે આવતા પ્રવાસીઓ માટે જંગલ સફારી શરૂ કરવામાં આવશે. આ જંગલ સફારી માટે વન વિભાગે કપુરડી નેસ તેમજ મોડપર આસપાસ દેવભૂમિ દ્વારકા વહીવટી વિભાગ પાસે 1 હેકટર જમીનની માગણી કરી હતી. મોડપર નજીક જમીન ફાળવાતા હવે વન વિભાગ આગામી દિવસોમાં આ જમીનમાં જંગલ સફારી માટે જરૂરી માળખુ ઉપલબ્ધ કરશે, જેમાં પ્રવાસીઓ માટે ટીકીટ વિન્ડો, વેઈટીંગ એરિયા, સોવેનિયમ શોપ, પાર્કિંગ, સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................